ઉમેદવારો માટેની સુચના

તા. ૨૨-૦૫-૨૦૧૯

રાજ્યમાં આવેલી કાયદાની તથા શિક્ષણશાસ્ત્રની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપકોની ખાલી જગ્યાઓ ભરવા માટે આપવામાં આવેલ જાહેરાત અન્વયે કેસીજી ખાતે કરવામાં આવેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફીકેશન બાદ તા. ૦૯-૦૫-૨૦૧૯ના રોજ વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ગુણાંકન દર્શાવતી શ્રેયાનતા યાદી સંદર્ભે મળેલ રજુઆતો અન્વયે તા. ૨૧-૦૫-૨૦૧૯ ના રોજ કમિટીની મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય અંગે ઉમેદવારોને જાણ કરવા માટેની પબ્લિક નોટીસ

| ક્રમ | ફોર્મ આઈડી | નામ | ઉમેદવારોની રજૂઆત | કમિટીનો નિર્ણય |
|---|---|---|---|---|
| ૧ | ૫૬ | અર્પિતા ડેવિડભાઈ વાઘેલા | ૦૨ રીસર્ચ પેપરના માર્ક ઉમેરવા જણાવેલ છે.<br>રીસર્ચ પેપરની નકલ જોડેલ છે. | રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ ફોન રીસીવ કરેલ નથી. અરજદાર અસલ રીસર્ચ પેપર રજુ કરેલ નથી. આથી તેઓ અસલ મૂળભૂત પ્રત સાથે હાજર રહેલ ન હોઈ અરજી ગ્રાહ્ય રાખી શકાય નહી. વેરીફીકેશન સમયે પણ આ રીસર્ચ પેપર રજુ કરેલ ન હતા. |
| ૨ | ૩૬ | ભાવેશ આઈ રાવલ | એમ.એડ.માં યુનિવર્સિટી ફર્સ્ટ રેન્કના માર્ક ઉમેરવા જણાવેલ છે.<br>યુનિવર્સિટીનું સર્ટીફીકેટ રજુ કરેલ છે. | રજુ કરેલ સર્ટીફીકેટમાં “First Rank in the subject of Dissertation amongst the candidates” દર્શાવેલ છે.<br>યુનિવર્સિટીની એમ.એડ. પરીક્ષામાં ફર્સ્ટ રેન્ક આવેલ હોય તેનું પ્રમાણપત્ર રજુ કરેલ નથી. ફક્ત Dissertation માં ફર્સ્ટ રેન્ક હોવાના કારણે શિક્ષણ વિભાગના તા. ૧૪-૦૯-૨૦૧૧ ના ઠરાવમાં કોઈ એક વિષયમાં ફર્સ્ટ રેન્ક હોવાથી આવા રેન્કનું ગુણાંકન આપવાની જોગવાઈ ન હોવાથી અરજી ગ્રાહ્ય રાખી શકાય નહી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૧૫૭ | પ્રસિધ્ધી વ્યાસ | રીસર્ચ પેપર અને બુક્સના માર્ક્સ ઉમેરવા જણાવેલ છે. એટેચમેન્ટ કરેલ છે. | તા. ૨૧-૦૫-૨૦૧૯ ના રોજ અસલ મૂળભૂત પ્રત સાથે હાજર રહેલ અને રીસર્ચ પેપર અને બુકનું ઓનલાઈન વેરીફીકેશન કરતા નિયમાનુસાર માર્કમાં ફેરફાર કરવામાં આવેલ છે. |
| ૪ | ૯૯૮ | નિધિ રાજ્યગુરુ | કેટેગરી બદલવા વિનંતી કરેલ છે.<br>કેટેગરીનું સર્ટીફીકેટ મોકલેલ છે. | અરજી સમયે ઓપન કેટેગરીમાં ફોર્મ ભરેલ હતું. ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે કેટેગરી બદલવા અંગે રજૂઆત કરેલ નથી. અને હવે સમગ્ર ડોક્યુમેન્ટ વેરીફીકેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તથા પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ થયા બાદ અરજદારની આ પ્રકારની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહી. |
| ૫ | Not Mentioned in email | હાર્દિક મકવાણા | ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે હાજર રહી શકેલ ન હોવાથી ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવવા અન્ય તારીખ ફાળવવા વિનંતી કરેલ છે. | ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે નિયત સમય મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવાની હોવાથી અન્ય તારીખ ફાળવી શકાય નહી. તદુપરાંત તા. ૦૯-૦૫-૨૦૧૯ ની પબ્લિક નોટીસ ગુણાંકન સંદર્ભે ઉમેદવારોને રજૂઆત કરવા માટે હતી. ફરીથી વેરીફીકેશન માટે ન હતી. |
| ૬ | ૮૩૦ | બ્રિજેશ ચૌધરી | NET અને GSET બન્નેના માર્ક ગણવા જણાવેલ છે. | શિક્ષણ વિભાગના તા. ૧૪-૦૯-૨૦૧૧ ના ઠરાવના પેરા-૯ ની જોગવાઈ મુજબ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. |
| ૭ | ૪૯ | મિત્તલ મારૂ | અનુભવના માર્કમાં ફેરફાર કરવા અંગે રજૂઆત કરેલ છે. | શિક્ષણ વિભાગના તા. ૧૪-૦૯-૨૦૧૧ ના ઠરાવના પેરા-૯ ની જોગવાઈ મુજબ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. |
| ૮ | ૨૪ | નિલેશકુમાર ગજ્જર | અનુભવના માર્કમાં ફેરફાર કરવા અંગે રજૂઆત કરેલ છે. | શિક્ષણ વિભાગના તા. ૧૪-૦૯-૨૦૧૧ ના ઠરાવના પેરા-૯ ની જોગવાઈ મુજબ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. સ્નાતક અને અનુસ્નાતક કોલેજમાં અનુભવ માટે અલગ અલગ માર્ક ગણવાની જોગવાઈ શિક્ષણ વિભાગના તા. ૧૪-૦૯-૨૦૧૧ ના ઠરાવમાં નથી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ૧૦૮૦ | પિયુષ પ્રજાપતિ | એન.સી.ટી.ઈ. ના નિયમ અનુસાર ફરીથી મેરીટ તૈયાર કરવા જણાવેલ છે. સ્નાતક હોય તેમાં જ અનુસ્નાતકની પદવી માન્ય કરવા જણાવેલ છે.<br>કોઈ એટેચમેન્ટ કરેલ નથી. | સમિતિ દ્વારા શિક્ષણ વિભાગના તા. ૧૪-૦૯-૨૦૧૧ ના ઠરાવ, એન.સી.ટી.ઈ.ના રૂલ્સ અને યુજીસીના રૂલ્સમાં દર્શાવેલ જોગવાઈ મુજબ ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવામાં આવેલ હોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવાની થતી નથી. |
| ૧૦ | ૬૬૯ | પીનલબેન પટેલ | અનુભવના માર્કમાં ફેરફાર કરવા અંગે રજૂઆત કરેલ છે. | યુનિવર્સિટી માન્યતાના અસલ પત્રો રજુ કરેલ ન હતા પરંતુ અનુભવના સંસ્થાના પ્રમાણપત્રો રજુ કરેલ હતા. તા. ૨૧-૦૫-૨૦૧૯ ના રોજ અસલ મૂળભૂત ડોક્યુમેન્ટસ (યુનિવર્સિટી માન્યતા) સાથે હાજર રહેલ હોવાથી નિયમાનુસાર માર્કમાં ફેરફાર કરવામાં આવેલ છે. |
| ૧૧ | ૯૮૦ | અશોક પન્ડાવરા | ભારત સરકારના રાજપત્ર તા. ૦૯/૦૬/૨૦૧૭ ની કોલમ ૭ના વિભાગ a ની પેટા કોલમ (II) શિક્ષણ (Education) અથવા કોઈ શિક્ષણશાસ્ત્રીય (Pedagodical subject) વિષયમાં પી.એચ.ડી.ની પદવી અને (III) અનુસાર કોઈ અધ્યાપક શિક્ષણ સંસ્થા (બી.એડ./એમ.એડ)માં પાંચ વર્ષનો અધ્યાપન કાર્યનો અનુભવ | અરજદારની રજૂઆત ધ્યાને લેતા NCTE ના સંબંધિત રેગ્યુલેશનમાં કોલમ ૭ના વિભાગ a ની પેટા કોલમ (II) તથા (III) માં જે જોગવાઈ છે તે "Norms and Standards for the bachelor of elementary teacher education programme leading to the bachelor of Elementary Education (B.El.Ed.)" માટે છે. જેથી તેઓની રજૂઆત બી.એડ. કોલેજમાં "અધ્યાપક સહાયક"ની નિમણુક માટે ધ્યાને લઇ શકાય નહી. |
| ૧૨ | ૨૭ | પંકજકુમાર બરાડિયા | રીસર્ચ પેપરના માર્ક ઉમેરવા જણાવેલ છે.<br>રીસર્ચ પેપરની નકલ જોડેલ છે. | તા. ૨૧-૦૫-૨૦૧૯ ના રોજ અસલ મૂળભૂત પ્રત સાથે હાજર રહેલ અને રીસર્ચ પેપરનું ઓનલાઈન વેરીફીકેશન કરતા નિયમાનુસાર માર્કમાં ફેરફાર કરવામાં આવેલ છે. |

પ્રો.એ.યુ.પટેલ 22-5-19

એડવાઇઝર,કેસીજી

ચેરમેન, બીએડ/લો કમિટી